**(1) તાજેતરમાં "કામથ પેનલ" દ્વારા આપવામાં આવેલ "ઋણ પુનર્ગઠન"ના સંદર્ભે આપવામાં આવેલ ભાલમણોના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ પેનલ દ્વારા ઋણ પુનર્ગઠન માટે રૂ. 5 લાખ કરોડની રકમ સૂચવી છે.

(2) COVID-19થી પ્રભાવિત થયેલા 26 ક્ષેત્રોની પેનલે ઓળખ કરી છે જેને ઋણ પુનર્ગઠનની આવશ્યકતા છે.

(3) ઉધારદાતાઓના કુલ દેવાને કુલ ઋણ, વર્તમાન પ્રમાણ, સરેરાશ ઋણ સેવા પ્રમાણ વગેરે પર વિચાર કરવાની જરૂરિયાત છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઋણ પુનર્ગઠન માટે RBI દ્વારા બનાવવામાં આવેલ "કામથ પેનલ" દ્વારા પોતાનો અહેવાલ સોંપવામાં આવ્યો હતો.

⇛ પેનલનું ગઠન એ COVID-19 મહામારીથી પ્રભાવિત ક્ષેત્રો પર ઋણના પુનર્ગઠન માટે માપદંડો પર ભલામણ માટે કરવામાં આવ્યું હતું.

⇛ પેનલ દ્વારા એ કોઈ રકમની ભલામણ કરવામાં આવી નથી જે ઋણ માટે આવશ્યક હોય. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ પેનલ દ્વારા ઋણ પુનર્ગઠન માટે 26 ક્ષેત્રોની ઓળખ કરવામાં આવી છે જે COVID-19થી પ્રભાવિત થયા છે.

⇛ પેનલ દ્વારા ઉધાર ધરાવતા લોકોનું કુલ દેવુ, વર્તમાન પ્રમાણ, સરેરાશ ઋણ સેવા કવરેજ પ્રમાણ પર વિચાર કરવાની ભલામણ કરી છે.

⇛ પેનલ મુજબ રીકાસ્ટ યોજનાની રૂપરેખા તૈયાર કરવા બેંકોએ કંપનીની COVID-19 પૂર્વની સ્થિતિ અને પ્રભાવો પર વિચાર કરવો જોઈએ.

⇛ પેનલ અનુસાર મહામારીથી સૌથી વધુ પ્રભાવિત થનારા ક્ષેત્રો એ કપડા ઉદ્યોગ, જથ્થાબંધ વ્યાપાર, માર્ગ અને એન્જિનિયરીંગ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) તાજેતરમાં NSOના સર્વેના 75માં રાઉન્ડ અંતર્ગત સાક્ષરતા સંદર્ભે જાહેર કરવામાં આવેલા ડેટા મુજબ નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે.**

(1) આ સર્વે એ જુલાઈ 2017 અને જૂન 2020 વચ્ચે કરવામાં આવ્યો હતો.

(2) સર્વે અનુસાર આ સમય દરમિયાન સૌથી વધુ સાક્ષરતા કેરલમાં જોવા મળી હતી.

(3) સર્વે અનુસાર ભારતમાં કુલ સાક્ષરતાનો દર 77.7% છે.

(4) પુરુષ સાક્ષરતા દર બધા જ રાજ્યોમાં મહિલા સાક્ષરતા દર કરતા વધુ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રાષ્ટ્રીય આંકડાકીય સંસ્થા (NSO) દ્વારા "Household Social Consumption :- Education in India as a Part of 75th round of National Sample Survey" પર પોતાનો અહેવાલ જાહેર કર્યો હતો.

⇛ આ સર્વે જુલાઈ 2017 અને જૂન 2018 વચ્ચે સાક્ષરતાની રાજ્યવાર માહિતી આપે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ સર્વેની મુખ્ય બાબતો :

- સૌથી વધુ સાક્ષરતા કેરલમાં 96.2% છે.
- કુલ સાક્ષરતા દર 77.7%
- ગ્રામીણ ક્ષેત્રમાં સાક્ષરતા દર 73.5%
- શહેરી ક્ષેત્રોમાં સાક્ષરતા દર 87.7%
- પુરુષ સાક્ષરતા દર એ બધા રાજ્યોમાં મહિલા સાક્ષરતા દરથી વધારે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ‘‘આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ 2020’’ ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ દિવસની ઉજવણી એ યુનેસ્કો દ્વારા કરવામાં આવે છે.

(2) વર્ષ 1965માં ઈરાનના તહેરાનમાં કરવામાં આવેલ શિક્ષા મંત્રીઓની વિશ્વ કોંગ્રેસની પ્રથમ બેઠક બાદ આ દિવસ 8 સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે.

(3) વર્ષ 2020ના આ દિવસની થીમ "COVID-19 and Online Education" રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

સમજૂતી :

⇛ પ્રત્યેક વર્ષ 8 સપ્ટેમ્બરના દિવસને ‘‘આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ’’ના રૂપમાં મનાવવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય એ સાક્ષરતા પર બળ આપવાનો છે.

⇛ આ દિવસની સ્થાપના વર્ષ 1966માં યુનેસ્કો દ્વારા કરવામાં આવી હતી. આ વર્ષે 55મો સાક્ષરતા દિવસ મનાવવામાં આવ્યો હતો.

⇛ આ વર્ષના આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસની થીમ એ "Literacy Teaching and Learning in the COVID-19 Crisis and beyond" રાખવામાં આવી હતી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ 8 સપ્ટેમ્બરના દિવસે વર્ષ 1965માં શિક્ષા મંત્રીઓની વિશ્વ કોંગ્રેસની પ્રથમ બેઠકનું આયોજન ઈરાનના તહેરાન ખાતે કરવામાં આવ્યું હતું. આથી આ દિવસને સાક્ષરતા દિવસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) ભારત સરકાર દ્વારા જાહેરાતો માટે જાહેર કરવામાં દિશાનિર્દેશોના ડ્રાફ્ટ સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) બ્લોગ, પોસ્ટ અને ટ્વીટના માધ્યમથી સેલિબ્રિટી દ્વારા એન્ડોર્સમેન્ટ ઉત્પાદન સાથે પર્યાપ્ત જાણકારી કે અનુભવ આધારિત હોવું જોઈએ.

(2) નાના અક્ષરોના આકારની જાહેરાતોમાં ડિસ્કલેમરને ભ્રામક માનવામાં આવશે નહી.

(3) એક જાહેરાતને કોઈ ઉત્પાદન કે સેવાને "મફત" કે 'વિના કોઈ શૂલ્ક' કે અન્ય સમાન શર્તોના રૂપમાં જાહેર કરવું જોઈએ.

(A) માત્ર (1) અને (2)　　(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)　　(D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જાહેરાતો પર દિશા–નિર્દેશો જાહેર કર્યા હતા. કેન્દ્રીય ગ્રાહક સંરક્ષણ ઓથોરિટી દ્વારા "ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, 2019" અંતર્ગત દિશા–નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે.

⇒ દિશા–નિર્દેશોની મુખ્ય બાબતો :

- બ્લોગ, પોસ્ટ અને ટ્વીટના માધ્યમથી સેલિબ્રિટીના એન્ડોર્સમેન્ટ ઉત્પાદન સાથે પર્યાપ્ત જાણકારી કે અનુભવ આધારિત હોવું જોઈએ.
- નાના અક્ષરો કે જાહેરાતોમાં ડિસ્કલેમરને ભ્રામક જાહેરાત માનવામાં આવશે અને તેમને દંડિત કરવામાં આવશે. ગ્રાહકોને તે સરળતાથી દેખાવા જોઈએ અને જાહેરાતના દાવાઓ સમાન જ અક્ષરો અને ભાષામાં હોવા જોઈએ (આથી, વિધાન (2) ખોટું છે.)
- એક જાહેરાતને કોઈ ઉત્પાદન કે સેવાને "મફત" કે "વિના કોઈ શૂલ્ક" અને અન્ય સામાન્ય શરત પર જાહેર કરવા જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) હાયપરસોનિક ટેક્નોલોજી ડેમોનસ્ટ્રેટર વ્હીકલ (HSTDV)ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) HSTDVને રામજેટ એન્જિન સાથે ઓપરેટ કરવામાં આવે છે.

(2) તેનો ઉપયોગ નાના ઉપગ્રહો લોન્ચ કરવા તથા લાંબા અંતરની ક્રુઝ મિસાઈલ લોન્ચ કરવા માટે કરવામાં આવે છે.

(3) DRDO દ્વારા તેનો વિકાસ ઈઝરાયલ અને યુનાઈટેડ કિંગ્ડમની મદદથી કરવામાં આવેલ છે.

(A) માત્ર (1) અને (2)    (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)    (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારત દ્વારા હાયપરસોનિક ટેક્નોલોજી ડેમોનસ્ટ્રેટર વ્હીકલ (HSTDV) નું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

⇛ તેને સ્ક્રેમજેટ એન્જિનના માધ્યમથી ઓપરેટ કરવામાં આવે છે, તે 6 મૈક સુધી ગતિ પ્રાપ્ત કરી શકે છે. જે રામજેટ એન્જિનથી વધુ સારું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેનો ઉપયોગ એ નાના ઉપગ્રહો લોન્ચ કરવા અને લાંબા ગાળાની ક્રુઝ મિસાઈલ લોન્ચ કરવા માટે કરવામાં આવે છે.

⇛ DRDO દ્વારા તેનો વિકાસ ઈઝરાયલ અને યુનાઈટેડ કિંગ્ડમની સહાયતાથી કરવામાં આવેલ છે. તે 20 સેકન્ડની ઉડાનમાં 31 કિમી ઊંચાઈ સુધી જઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT